હે જગત્રાતા વિશ્વવિધાતા, હે સુખશાંતિ નિકેતન હે! પ્રેમ કે સિંધો, દીન કે બંધો, દુઃખદરિદ્ર નિવારણ હે!

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૯ | ૨૯ ઓગસ્ટ, ૨૦૨૦, શનિવાર; ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૨૭૨ |
| અમદાવાદ | ૧૭૮ |
| ગાંધીનગર | ૩૯ |

# કોલેજોના અંતિમ વર્ષની પરીક્ષા ફરજિયાત : સુપ્રીમ

### પરીક્ષાઓ લીધા વિના વિદ્યાર્થીને પાસ ન કરી શકાય : જે રાજ્ય ૩૦ સપ્ટે. સુધીમાં પરીક્ષા લઇ શકે એવી સ્થિતિમાં નથી તેણે ગ્રાન્ટસ્ કમિશનને ઔપચારિક જાણ કરવી પડશે

નવી દિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટે યુનિવર્સિટીઓને છેલ્લા વર્ષની પરીક્ષાઓ લેવા માટે લીલીઝંડી આપી દીધી છે. આ નિર્ણય યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશને લીધો હતો જેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશનના જુલાઈની છઠ્ઠીએ લેવાયેલા નિર્ણયને યોગ્ય ઠરાવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે પરીક્ષાઓ લીધા વિના રાજ્યો કોઈ વિદ્યાર્થીને પાસ જાહેર કરી શકે નહીં. કોર્ટે કહ્યું હતું કે કોઇ પ્રકારની ઈમર્જન્સી હોય તો પરીક્ષાઓ થોડા સમય માટે મોકૂફ રાખી શકાય છે પરંતુ પરીક્ષા લીધા વિના વિદ્યાર્થીઓને પાસ જાહેર કરી શકાય નહીં. કોર્ટે કહ્યું કે જે રાજ્ય સપ્ટેંબરની ૩૦મી સુધીમાં પરીક્ષા લઇ શકે એવી સ્થિતિમાં નથી તેણે યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશનને ઔપચારિક જાણ કરવી પડશે.

યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશને ચાલુ વર્ષના જુલાઈની છઠ્ઠીએ એક સરક્યુલર બહાર પાડ્યો હતો અને સપ્ટેંબરની ૩૦મી સુધીમાં ફાઈનલ યરની પરીક્ષાઓ યોજવાનું તમામ યુનિવર્સિટીઓને જણાવ્યું હતું. એ નિર્ણયને કોરોનાના બહાને પડકારવમાં આવ્યો હતો. આ અરજીની સુનાવણી જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ આર સુભાષ રેડ્ડી અને જસ્ટિસ એમ આર શાહની ડિવિઝનલ બેન્ચ કરી રહી હતી.

દેશના વિવિધ ભાગોના કુલ ૩૧ વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશનના આ નિર્ણયને પડકારતી અરજી કોર્ટમાં કરી હતી. વિદ્યાર્થીઓએ ફાઇનલ સિમેસ્ટરની પરીક્ષાઓ કોરોનાના કારણે રદ કરવાની માગણી કરી હતી. તેમની દલીલ એવી હતી કે આગલા વર્ષોના સિમેસ્ટરનાં પરિણામોના આધારે વિદ્યાર્થીઓને પાસ જાહેર કરી દેવા જોઈએ. સુપ્રીમ કોર્ટે આ દલીલ ફગાવી દીધી હતી અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે પરીક્ષાઓ લીધા વિના કોઈ વિદ્યાર્થીને પાસ જાહેર કરી શકાય નહીં. દરેક વિદ્યાર્થીએ ફાઈનલ યરની પરીક્ષા આપવી રહી. એમાં કોઈ પ્રકારની બાંધછોડ કરી શકાય નહીં.

# જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેનું પદ પરથી રાજીનામું

### આબેનો કાર્યકાળ સપ્ટે. ૨૦૨૧માં પૂરો થવાનો હતો આબે ખરાબ તબિયતને પરિણામે કામ કરી શકતા નહોતા

ટોક્યો, તા. ૨૮

જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેએ રાજીનામું આપી દીધું છે. ખરાબ તબિયતનું કારણ આગળ ધરીને આબેએ રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. છેલ્લા કેટલાય સમયથી તેઓ બીમાર છે અને થોડા સમય પહેલા તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આબેનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૨૧માં પૂર્ણ થવાનો હતો. સોમવારે આબે જાપાનમાં સૌથી લાંબા સમય સુધી વડા પ્રધાન પદ પર રહેવાનો રકૉર્ડ તોડી ચૂક્યા હતા.



કોરોના વાઈરસની મહામારીમાં કામગીરી મામલે વડા પ્રધાન શિંજો આબેની ટીકા થઈ રહી હતી. તે સિવાય તેમના પક્ષના સભ્યો પર લાગેલા સ્કૅન્ડલના આરોપોને કારણે પણ તેમના પર સતત આરોપો થતા હતા. શિંજો આબેના સમયમાં જ ભારત વચ્ચે સારા સંબંધો સ્થપાયા છે. આબે એ મોદીના ખાસ મિત્ર છે.

આબેએ બે વખત હોસ્પિટલની મુલાકાત લેતા ચોતરફ ચર્ચાના વર્તુળો ઘેરાયા હતા કે નવી ચૂંટણી થશે અથવા આબે રાજીનામું આપશે. છેલ્લા એક વર્ષથી આબે ક્રોનિક રોગ અલ્કેરેટિવ કોલાઈટિસ(આંતરડા પર ચાંદાની બિમારી) સામે લડી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષ ૨૦૦૭માં શિન્ઝો આબેએ પોતાના સ્વાસ્થ્યને કારણે અચાનક પહેલા કાર્યકાળમાં રાજીનામુ આપી દીધું હતું.

# કોરોનાના કારણે બિહાર ચૂંટણી પાછી ઠેલી શકાય નહી

નવી દિલ્હી, તા. ૨૮

કોરોનાની મહામારીનું કારણ આગળ ધરીને બિહાર વિધાનસભાની ચૂંટણીને સમયસર થતી અટકાવી શકાય નહીં તેમ સુપ્રીમ કોર્ટે કહ્યું છે. સુપ્રીમ કોર્ટે આ અંગેની અરજીને બાલિશ ગણીને ફગાવી દીધી છે.

થોડા સમય પહેલાં ચૂંટણી પંચે સત્તાવાર રીતે જાહેર કર્યું હતું કે બિહારમાં વિધાનસભાની ચૂંટણી સમયસર થશે. રાજ્યના ચૂંટણી અધિકારીઓને આ અંગે તાકીદ કરી દેવામાં આવી હતી એમ પણ પંચે જાહેર કર્યું હતું. આ વર્ષની આખરમાં બિહાર વિધાનસભાની મુદત પૂરી થાય છે. એ પહેલાંજ રાજકીય પક્ષો અને નેતાઓએ પોતપોતાની રીતે વ્યૂહ ઘડવાના શરૂ કરી દીધા હતા. દલિત નેતા જીતન માંઝીએ રાજદનો સાથ છોડી દેતાં રાજદે પક્ષમાંના બીજા દલિત નેતાઓને આગળ કર્યા હતા અને એવો દાવો કર્યો હતો કે જીતન માંઝીના જવાથી અમને કશો ફરક નહીં પડે. એજ રીતે લોજપાના નેતાઓએ નીતિશ કુમાર સામે એવો આક્ષેપ કર્યો હતો કે નીતિશ કુમાર અમારી અવગણના કરી રહ્યા હતા.

**ચૂંટણીથી દરેક પક્ષ ડરે છે એનું કારણ કોરોના અને બીજું રાજ્યમાં આવેલ પુરની લોકોને થયેલ વિપરિત અસર છે**

આ સુનાવણી દરમિયાન જસ્ટિસ અશોક ભૂષણે કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી મોકૂફ રાખવા માટે કોરોનાનો ચેપ એ યોગ્ય કારણ બની શકે નહીં. હજુ તો ચૂંટણી પંચે કોઈ ઔપચારિક જાહેરાત સુદ્ધાં કરી નથી. આ અરજી અપરિપક્વ છે. ચૂંટણી પંચ વિધાનસભાની ચૂંટણી યોજવા પહેલાં દરેક મુદ્દાનો વિચાર કરશે. તમે એવું કેમ માની લો છો કે ચૂંટણી પંચ આ મુદ્દા પર વિચાર નહીં કરે. આ અરજી સમયસરની નથી અને પૂરી પુખ્ત પણ નથી એવો અભિપ્રાય કોર્ટે વ્યક્ત કર્યો હતો.

લગભગ દરેક રાજકીય પક્ષ અને નેતા અત્યારે વિધાનસભાની ચૂંટણીથી ડરે છે. એનાં બે મુખ્ય કારણ છે. પહેલું કારણ કોરોના છે. જો કે બીજું કારણ વધુ મહત્વનું છે પરંતુ સુપ્રીમ કોર્ટમાં એ કારણ રજૂ કરાયું નહીં. એ કારણ છે નદીઓમાં આવેલાં પૂર. ૯૦ લાખ લોકોને પૂરની વિપરીત અસર થઈ હતી.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૪૬૮૫૩૯૮ | ૮૩૬૮૨૯ | ૧૭૧૩૯૦૪૦ |
| ભારત | ૩૪૫૪૫૧૩ | ૬૨૬૬૯ | ૨૬૪૦૧૨૧ |
| ગુજરાત | ૯૨૬૦૧ | ૨૯૭૮ | ૭૪૬૫૧ |
| ગાંધીનગર | ૨૩૭૦ | ૧૩૨ | ૧૯૩૭ |

# સતત બીજા દિવસે ૭૫,૦૦૦ હજારથી વધુ કેસ

### ભારતમાં કોરોનાના કેસોમાં ભયાનક ઉછાળો : ગુરૂવારે કોરોનાના ૫૯,૧૯૭ દર્દી સાજા થયા અને હજુ સુધીમાં કુલ ૨૫,૭૩,૦૪૦ દર્દીઓ કોરોના મુક્ત થયા

નવી દિલ્હી, તા. ૨૮

કોરોનાની મહામારી અટકવાનું નામ લેતી નથી અને હમણાંથી તો ભારતમાં કેસોમાં બેફામ ઉછાળો આવ્યો છે. દેશમાં સતત બીજા દિવસે શુક્રવારે કોરોનાના ૭૫,૦૦૦થી વધુ કેસ નોંધાયા હતા. ગુરૂવારે કોરોનાના નવા ૭૭,૪૬૮ કેસ નોંધાયા હતા જ્યારે ૧,૦૪૭નાં મોત નીપજ્યાં હતાં. આ સાથે કોરોનાના કુલ કેસ ૩૩,૭૬,૨૮૫ થયા છે જ્યારે મૃત્યુઆંક ૬૧,૫૯૫ થયો છે. દેશમાં ગુરૂવારે કોરોનાના ૫૯,૧૯૭ દર્દી સાજા થયા છે અને અત્યાર સુધીમાં કુલ ૨૫,૭૩,૦૪૦ દર્દીઓ કોરોના મુક્ત થયા છે તેમજ રિકવરી રેટ ૭૬.૨૦ ટકા થયો છે તેમ એજન્સીની રાજ્યવાર ટેલીમાં જણાવાયું હતું. દેશમાં કોરોનાની સૌથી વધુ ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રમાં છે જ્યાં કોરોનાના સૌથી વધુ કુલ ૭,૩૩,૫૬૮ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૨૩,૪૪૪ થયો છે. વિશ્વના કોરોના સંક્રમિત દેશોને ધ્યાનમાં લઈએ તો મહારાષ્ટ્રની સ્થિતિ વિશ્વમાં પાંચમા ક્રમના કોરોના સંક્રમિત દક્ષિણ આફ્રિકા કરતાં પણ વધુ ગંભીર છે. જોકે, સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, દેશમાં કોરોનામુક્ત થયેલા દર્દીઓની સંખ્યા ૨૫ લાખને પાર થઈ ગઈ છે જ્યારે મૃત્યુદર વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં વધુ ઘટીને ૧.૮૩ ટકા થયો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ટેસ્ટ ૩.૯ કરોડ કેસ થયા છે. કોરોનાના સંદર્ભમાં દેશનો વ્યૂહાત્મક અભિગમ 'ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ'નો છે. કોરોનાના વહેલા નિદાનના કારણે તેનો મૃત્યુદર નીચો રાખવામાં ભારતને સફળતા મળી

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રીબડીયા અને પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા કોરોનાથી સંક્રમિત
- બિન ભાજપ શાસિત છ રાજ્યો જેઈઈ અને નીટ પરીક્ષા મામલે સુપ્રીમમાં ગયા
- બીએસએફના ડીજી રાકેશ અસ્થાના સુશાંત આત્મહત્યા કેસની તપાસ સંભાળશે

# કોંગ્રેસ ૫૦ વર્ષ સુધી વિપક્ષમાં જ બેસી રહેશે : ગુલાબ નબી આઝાદ

નવી દિલ્હી, તા.૨૮

રાજસ્થાનનું રાજકીય ઘમાસાણ ઉકેલાયે હજુ થોડાક જ દિવસો થયા છે ત્યારે હવે લેટર બોમ્બએ કોંગ્રસને હલાવીને રાખી દીધી છે. ૭ કલાક ચાલેલી કોંગ્રસ વર્કિંગ કમિટી બેઠક બાદ પણ પાર્ટી પોતાના નેતાઓને સંતુષ્ટ કરવામાં સફળ રહી હોય તેવું નથી લાગી રહ્યું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલાબ નબી આઝાદએ પાર્ટી નેતાઓને કહ્યું છે કે જે કોઈ પણ કોંગ્રેસનું હિત ઈચ્છે છે તે તેમના 'અસહમતિ



પત્રહ્નનું સ્વાગત કરશે. કોંગ્રેસ તરફથી ભલે કહેવામાં આવી રહ્યું હોય કે તેઓએ ગુલાબ નબી આઝાદને સમજાવી લીધા છે, જોકે તેઓએ ફરી એકવાર ભાર મૂકતાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની નવેસરથી ચૂંટણી કરવાની વાત કહી છે. ગુલાબ નબી આઝાદે કહ્યું કે, કોંગ્રેસના આંતરિક કામકાજમાં જે કોઈને પણ રસ હશે તેઓ અમારા આ પ્રસ્તાવને સમર્થન આપશે. અમે ઈચ્છીએ છીએ

● અનુસંધાન પાના - ૭ પર

# શેર બજારમાં તેજીનો દોર

મુંબઈ, તા. ૨૮

શેર બજારોમાં તેજી શુક્રવારે સતત છઠ્ઠા કારોબારી સત્ર સુધી ચાલુ રહી હતી અને સેન્સેક્સ ૩૫૪ પોઈન્ટ વધ્યો હતો. બેંક્રના શેર્સમાં વધારો અને વિદેશી ફંડ્સના પ્રવાહથી બજારની ભાવના મજબુત થઈ. બીએસઈના ૩૦ શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ દિવસના કારોબાર દરમિયાન ૩૯,૫૭૯. ૫૮ પોઈન્ટની ટોચ પર પહોંચી ગયો છે.







# ફલાઈટોમાં ખાવા આપવાની લીલીઝંડી, માસ્ક ફરજિયાત

નવી દિલ્હી, તા. ૨૮

કોરોનાની મહામારીમાં સરકારે એરલાઈન્સને ફલાઈટમાં ખાવાનું આપવા માટેની મંજૂરી આપી છે પણ, માસ્ક નહીં પહેરનાર વ્યક્તિ સામે કડક પગલાં લેવાની જાહેરાત કરી છે. એવિયેશન રેગ્યુલેટર, ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશને કહ્યું છે કે, જો કોઈ પેસેન્જરે માસ્ક ન પહેર્યું હોય તો તમે તમારી રીતે નિર્ણય લઈને તેનું નામ નો-ફ્લાયના લિસ્ટમાં નાખી શકો છો. એટલે કે તે યાત્રી પર અમુક સમય સુધી હવાઈ મુસાફરી કરવા માટે પ્રતિબંધ લગાવવામાં આવશે.

શુક્રવારે જાહેર થયેલી ગાઈડલાઈન પ્રમાણે ડોમેસ્ટિક ફલાઈટમાં પેક્ડ નાસ્તો અને જમવાનું આપી શકાશે. ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં ગરમ જમવાનું આપી શકાશે. ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ઉડાનમાં એરલાઈન્સને સિંગલ યૂઝ ટ્રે, પ્લેટ્સ અને કટલરીનો ઉપયોગ કરવાનો રહેશે. ખાવા-પીવાનું આપતા પહેલાં ક્રૂ-મેમ્બર્સે દર વખતે ગ્લવ્ઝ બદલવા પડશે. ફ્લાઈટમાં યાત્રીઓને મનોરંજન માટેની છૂટ આપવામાં આવશે. પરંતુ તેમને ડિસ્પોઝેબલ ઈયરફોન અથવા ડિસઈન્ફેક્ટેડ હેડફોન આપવામાં આવશે. કોઈ યાત્રી માસ્ક પહેરવાની ના પાડશે તો એરલાઈન્સ તેનું નામ નો-ફ્લાઈ લિસ્ટમાં નાખી શકશે.

કોરોનાના કારણે બે મહિના ડોમેસ્ટિક ફ્લાઈટો બંધ રહ્યા પછી સરકારે તે ૨૫ મેથી ફરી શરૂ કરવાની મંજૂરી આપી છે. જોકે શરૂઆતમાં ફ્લાઈટમાં જમવાનું આપવાની મંજૂરી નહતી. જ્યારે સ્પેશિયલ ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં અંતરને ધ્યાનમાં રાખીને પ્રી-પેક્ડ જમવાનું અને નાસ્તો આપવાની છૂટ આપવામાં આવી હતી.